RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 183 * Date: 23.04.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# જમ્મુ કાશ્મીરમાં પ્રવાસીઓ પર ઈતિહાસનો સૌથી મોટો હુમલો, ૨૦થી વધુના મોતની આશંકા, ત્રણ ગુજરાતી ઘાયલ






જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં મંગળવારે મોટો આતંકવાદી હુમલો થયો હતો. આતંકવાદીઓએ પર્યટકો અને સ્થાનિકોને નિશાન બનાવીને ફાયરિંગ કર્યું હતું. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ આતંકવાદી હુમલામાં ૨૦થી વધુ લોકોના મોત થયા હોવાની આશંકા સેવાઈ રહી છે. જો કે, સત્તાવાર રીતે એકના મોતની પુષ્ટિ કરાઈ છે. જ્યારે ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. બે લોકોની હાલત ગંભીર જણાવાય રહી છે. તેમાંના ત્રણ સ્થાનિક અને બાકીના ગુજરાત સહિત અન્ય રાજ્યોના નાગરિક છે. બીજી તરફ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ કાશ્મીર જવા રવાના થયા છે.આતંકવાદી હુમલામાં ચાર પ્રવાસીઓ ઈજાગ્રસ્ત હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ રહી છે. ઈજાગ્રસ્તોની સંખ્યા વધવાની આશંકા છે. માર્ચમાં હિમવર્ષા બાદ સેકડોંની સંખ્યામાં પર્યટકો જમ્મુ-કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા છે. એવામાં પહલગામમાં ટ્રેકિંગ માટે આવેલા પ્રવાસીઓ પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો છે. સૂત્રો અનુસાર પર્યટકો રાજસ્થાનથી કાશ્મીર ફરવા માટે આવ્યા હતા. પ્રવાસીઓ જ્યારે એક પહાડ પર ટ્રેકિંગ કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે છુપાઈને બેઠેલા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. સાઉદી અરેબિયાના બે દિવસના પ્રવાસે ગયેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ફોન પર વાત કરી હતી અને આ મામલે નક્કર અને કડક કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યા છે. વડાપ્રધાને ગૃહમંત્રીને પણ ઘટનાસ્થળની મુલાકાત લેવા જણાવ્યું હતું. આ દરમિયાન, અમિત શાહે નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, સીઆરપીએફ ડીજી, જમ્મુ અને કાશ્મીર ડીજીપી અને સેનાના અધિકારીઓએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠકમાં હાજરી આપી હતી. અમિત શાહે કહ્યું હતું કે, 'આતંકવાદીઓને કોઈપણ કિંમતે બક્ષવામાં આવશે નહી.'આતંકી હુમલા અંગે ઠ પર વડાપ્રધાન મોદીએ લખ્યું હતું, 'જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની હું સખત નિંદા કરું છું. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. હું પ્રાર્થના કરું છું કે ઘાયલો વહેલી તકે સ્વસ્થ થાય. અસરગ્રસ્તોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા પર શોક વ્યક્ત કર્યો છે. આ હુમલાને આઘાતજનક અને અત્યંત પીડાદાયક ગણાવતા તેમણે કહ્યું કે, 'નિર્દોષ લોકો પરનો આ હુમલો એકદમ બર્બર અને અમાનવીય હતો અને તેની સખત નિંદા થવી જોઈએ. નિર્દોષ નાગરિકો અને આ કિસ્સામાં પ્રવાસીઓ પર હુમલો અત્યંત શરમજનક અને અક્ષમ્ય છે.'જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આ ઘટનાને તાજેતરના વર્ષોમાં નાગરિકો પરનો સૌથી મોટો હુમલો ગણાવ્યો છે. તેમણે ટ પર લખ્યું કે, 'મૃત્યુ પામેલા લોકોની સંખ્યા હજુ પણ નક્કી કરવામાં આવી રહી છે.

## વક્ફ કાયદા સામે દિલ્હીમાં મુસ્લિમ સંગઠનો દ્વારા પ્રદર્શનઃ ઉપ રાષ્ટ્રપતિએ કહ્યું- લોકશાહીમાં બંધારણને પડકાર સ્વીકાર્ય નથી




ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (છૈંસ્ન્મ્) આજે મંગળવારે દિલ્હીમાં નવા વક્ફ કાયદા સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. 'વક્ફ બચાવો અભિયાન' હેઠળ, તાલકટોરા સ્ટેડિયમ ખાતે 'તહફુઝ-એ-ઓકાફ કારવાં' (વક્ફનું રક્ષણ) નામનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં જમાત-એ-ઇસ્લામી હિન્દ સહિત દેશભરના મુસ્લિમ સંગઠનોના પ્રમુખો અને પ્રતિનિધિઓ પહોંચ્યા છે. જેમાં ૈંસ્નના વડા અસદુદ્દીન ઓવૈસી પણ જોડાયા છે. બેઠકમાં વક્ફ કાયદા સામે વધુ કાનૂની લડાઈ લડવા અંગે ચર્ચા ચાલી રહી છે. સવારે ૧૦ વાગ્યે શરૂ થયેલી આ બેઠક બપોરે લગભગ ૨ વાગ્યા સુધી ચાલુ રહેશે.આ દરમિયાન, વક્ફ એક્ટ સામેના વિરોધ વચ્ચે, ઉપરાષ્ટ્રપતિએ દિલ્હી યુનિવર્સિટીમાં એક કાર્યક્રમમાં કહ્યું કે લોકશાહીમાં બંધારણને પડકાર સ્વીકાર્ય નથી. જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનારાઓને સમજાવવું પડશે. જો તમે નહીં સમજો તો તમારે કડવી દવાનો સ્વાદ ચાખવો પડશે.છૈંસ્ન્મ્ના 'વક્ફ બચાવો અભિયાન'નો પ્રથમ તબક્કો ૧૧ એપ્રિલથી શરૂ થયો હતો અને ૭ જુલાઈ સુધી એટલે કે ૮૭ દિવસ સુધી ચાલુ રહેશે. આમાં, વક્ફ કાયદાના વિરોધમાં ૧ કરોડ સહીઓ એકત્રિત કરવામાં આવશે, જે પીએમ મોદીને મોકલવામાં આવશે. આ પછી આગામી તબક્કાની રણનીતિ નક્કી કરવામાં આવશે.

## પુલ કૂદાવી નદીમાં પડી કાર, આઠ લોકોના કરૂણ મોતઃ મધ્ય પ્રદેશમાં મોટી દુર્ઘટના



મધ્યપ્રદેશમાં મોટો અકસ્માત સર્જાયો છે. દમોહ જિલ્લાના નોહટા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ બનવાર ચોકીના મહાદેવ ઘાટ પુલ પાસે આજે બપોરે એક બોલેરો કાર બેકાબૂ થઈને પુલ કૂદાવી નદીમાં ખાબકી ગઈ હતી. આ અકસ્માતમાં આઠ લોકોના કરૂણ મોત થઈ ગયા છે અને પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોની હાલત ગંભીર હોવાથી તેમને સારવાર માટે જબલપુર રિફર કરવામાં આવ્યા છે. મૃતકો જબલપુર જિલ્લાના પૌડી અને નજીકના ગામોના રહેવાસી છે. આ લોકો બંદકપુરથી દર્શન કરીને ઘરે પરત ફરી રહ્યા હતા.માહિતી મળતાં જ કલેક્ટર સુધીર કોચર અને એસપી શ્રુત કીર્તિ સોમવંશી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ત્યારબાદ તેઓ જિલ્લા હોસ્પિટલમાં આવીને ઘટનાની જાણકારી આપી. સરકાર દ્વારા મૃતકોને વળતરની રકમ પણ આપવામાં આવશે.

મૃતકના સંબંધી ગોવિંદ સિંહે જણાવ્યું કે, આ તમામ લોકો એક જ પરિવારના સભ્યો છે. તેઓ મંગળવારે સવારે અલગ-અલગ કારમાં બંદકપુરના દર્શન માટે આવ્યા હતા. અહીંથી દર્શન કરીને ગામ પાછા જઈ રહ્યા હતા. ત્યારે બનવારના મહાદેવ ઘાટ પુલ પરથી એક બોલેરો નીચે ખાબકી ગઈ. વાહનમાં ૧૩ લોકો સવાર હતા,

## સરકારે અમિત શાહ સમક્ષ અનૌપચારિક દરખાસ્ત રાખીઃઓલિમ્પિક રમતોને ધ્યાને રાખી રિંગરોડની માફક અમદાવાદ ફરતે મેટ્રો દોડતી કરાશે




ગુજરાત સરકાર અમદાવાદમાં હાલ મેટ્રો રેલ દોડાવી રહી છે અને આવતા મહિને ગાંધીનગરના સચિવાલય સુધી તે પહોંચશે. જો કે આ સાથે સરકારે અમદાવાદ શહેરની ફરતે, રીંગ રોડની માફક મેટ્રો રેલ દોડાવવા માટે પણ પ્રાથમિક નિર્ણય લીધો છે. આ માટે થોડાં સમય પહેલા સરકારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સમક્ષ એક પ્રેઝન્ટેશન તૈયાર કર્યું હતું. આ માટેનો અંદાજિત ખર્ચ અને ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ સહિતની બાબતો હવે તૈયાર કરવામાં આવશે તેમ સરકારના સૂત્રો જણાવે છે.

સરકારી સૂત્રોએ કહ્યું કે, હાલના સરદાર પટેલ રીંગ રોડને સમાંતર એવી આ મેટ્રો રેલ દોડશે જે ઓલિમ્પિક રમતો માટે સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ અને ગોધાવી પાસે તૈયાર થનારાં સ્પોર્ટ્સ સંકુલને જોડશે. આ સિવાય અન્ય રમતો માટે અમદાવાદ શહેર ફરતે કેટલાંક સ્થળોએ હંગામી રમતગમત સંકુલો અને સ્ટેડિયમ તૈયાર થશે તેને પણ કનેક્ટ કરશે.

આ મેટ્રો રેલ પ્રોજેક્ટ અમદાવાદના લગભગ તમામ વિસ્તારોને એકબીજા સાથે જોડી દેશે. અમદાવાદના થલતેજ મેટ્રો સ્ટેશનથી આગળની તરફ ગોધાવી થઇને મેટ્રો રેલને સનાથલ પાસે અમદાવાદ-ધોલેરા એક્સ્પ્રેસ-વે સુધી જોડવાનું પણ આયોજન છે, જેથી ત્યાં તૈયાર થનારાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટના મુસાફરોને પણ કનેક્ટિવિટી મળી રહે. સરકારે સનાથલ નજીક મેટ્રો સ્ટેશન બનાવવા માટે આયોજન કર્યું છે. અહીંથી ધોલેરા એરપોર્ટ પહોંચવા માટે વિશેષ ટ્રેન હશે. આ ઉપરાંત સર્ક્યુલર રૂટ પર દોડનારી મેટ્રો માટે ૪૦થી વધુ સ્ટેશનો હશે. આ સ્ટેશનો હાલના મેટ્રોના નોર્થ-સાઉથ તથા ઇસ્ટ-વેસ્ટ કોરિડોરના છેવાડાના સ્ટેશન સાથે જોડવામાં આવશે. આ રૂટથી સમગ્ર અમદાવાદ મેટ્રોથી કનેક્ટ થશે.

ગુજરાત સરકારે કેન્દ્રને એક દરખાસ્ત મોકલીને રાજકોટ અને વડોદરામાં મેટ્રો રેલ શરૂ કરવા માટે તેમજ અમદાવાદમાં વર્તમાન મેટ્રોના રૂટને એરપોર્ટ તેમજ ગિફ્ટ સિટી સુધી લંબાવવા માટે પણ જણાવ્યું છે. પ્રારંભિક તબક્કે આ માટે ૧૨ હજાર કરોડ રૂપિયાની કેન્દ્રીય સહાય અંગે રજૂઆત કરાઇ છે, જે જમીન સંપાદન, ડીપીઆર તૈયાર કરવા તેમજ કેટલીક માળખાકીય સુવિધા માટે જરૂરી રહેશે.

## ગાંધીનગરમાં ગરમીનો પારો વધશે




ગાંધીનગર શહેરમાં આજે મંગળવારે સવારે ૨૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ દિવસ દરમિયાન તાપમાન ૩૯થી ૪૧ ડિગ્રી સુધી પહોંચી શકે છે. છેલ્લા ત્રણ દિવસથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે શહેરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી આસપાસ જ રહ્યો હતો. ગઈકાલે સોમવારે મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી નોંધાયું હતું.

હવે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઘટી રહી છે. આ કારણે આગામી દિવસોમાં ગરમીમાં વધારો થવાની શક્યતા છે. અગાઉ ૪૨-૪૩ ડિગ્રી તાપમાનની સરખામણીમાં ૪૦ ડિગ્રી તાપમાને નાગરિકોને રાહત મળી હતી. શહેરમાં ભેજનું પ્રમાણ સવારે ૫૬ ટકા અને સાંજે ૨૩ ટકા નોંધાયું છે. પવનની ગતિ ૩થી ૧૫ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. પવનની દિશા પશ્ચિમ-દક્ષિણપશ્ચિમથી ઉત્તરપશ્ચિમ તરફ રહેશે.

તંત્રી લેખ......

# સોનામાં તેજી પાછળ આ ચાર કારણો જવાબદાર, છેલ્લા ચાર માસમાં આપ્યું ૨૭ ટકા રિટર્ન

વિશ્વની ટોચની બે મહાસત્તા વચ્ચે ભીષણ ટ્રેડવૉરના કારણે વિશ્વભરમાં મંદીનું સંકટ વધ્યું છે. જેના પગલે કિંમતી ધાતુ બજારમાં તેજીનું ઘોડાપુર આવ્યું છે. છેલ્લા એક માસમાં સોનાનો ભાવ રૂ. ૬૦૦૦ વધી રૂ. ૧,૦૦,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામના ઐતિહાસિક લેવલે પહોંચ્યો છે. એમસીએક્સ સોના અને વર્લ્ડ કોમેક્સ સોનું પણ રેકોર્ડ ટોચે પહોંચ્યું છે. સોનામાં આક્રમક તેજીનું એક કારણ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પોતાના જ દેશની સેન્ટ્રલ બૅન્ક ફેડ રિઝર્વના ચેરમેનની ટીકા કરવાનું પણ છે. અમેરિકામાં મંદીના વાદળોઃ ટેરિફવૉરના કારણે અમેરિકામાં ફુગાવો વધવાનું જોખમ વધ્યું છે. જેનાથી આર્થિક મંદીના વાદળો ઘેરા બન્યા છે. આ પડકારો વચ્ચે હાલમાં જ ટ્રમ્પે ફેડ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલની ટીકા કરતાં કહ્યું કે, જો તેઓ વ્યાજના દરોમાં ઘટાડો નહીં કરે તો અમેરિકામાં મંદી આવશે. પરંતુ ફેડએ અગાઉ જ નિવેદન આપી દીધું હતું કે, તેઓ વર્તમાન ટેરિફના માહોલમાં વ્યાજના દરોમાં ઘટાડો કરવાની ઉતાવળ કરશે નહીં. ટેરિફના કારણે દેશમાં ફુગાવો ફાટી નીકળવાની શક્યતાઓ વધી છે. અમેરિકામાં મંદીની ભીતિ સુનિશ્ચિત થતાં સોના-ચાંદીમાં ખરીદી વધી છે.ડૉલર ઈન્ડેક્સ ત્રણ વર્ષના તળિયેઃ વૈશ્વિક પડકારો અને ફેડ તથા ટ્રમ્પ વચ્ચેના વિવાદના કારણે ડૉલર ઈન્ડેક્સ સતત તૂટી રહ્યો છે. ૨ એપ્રિલે ટ્રમ્પ દ્વારા રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાતથી જ ડૉલર નબળો પડ્યો છે. જેના લીધે ડૉલર ઈન્ડેક્સ ૧૦૯ના રેકોર્ડ લેવલથી કડડભૂસ થઈ ૯૮.૨૭ થયો છે. રૂપિયો આજે ડૉલર સામે ૩૪ પૈસા સુધરી ૮૫.૦૯ પર ટ્રેડ થઈ રહ્યો હતો. જેના લીધે બુલિયનમાં ખરીદી વધી છે.

# શ્રી સ્વામિનારાયણ બી.એડ્. કૉલેજ બોટાદ માં વિદાય સહ શુભેચ્છા સમારોહ- ૨૦૨૫ યોજાયો



શ્રી સ્વામિનારાયણ બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓએ વિદ્યાર્થીમાંથી શિક્ષક બનવાની સફર પૂરી કરી એ માટે વિદાય સહ શુભેચ્છા સમારોહનું આયોજન થયું હતું. જેમાં ગુરુકુળના ટ્રસ્ટીશ્રી શાસ્ત્રી માધવસ્વરૂપદાસજી સ્વામીજી, કેમ્પસ ડારેક્ટર શ્રી મુકેશભાઈ કાનેટિયાસાહેબ, શાસ્ત્રી શ્રી કુંજવિહારી સ્વામીજી, હાઈસ્કૂલના આચાર્યશ્રી મહેતા સાહેબ, સ્માર્ટ વિભાગના સંચાલક શ્રી રવિરાજસર, પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી મેણીયા સાહેબ, લોક વિજ્ઞાન કેન્દ્ર માંથી નિકુજભાઈ વગેરે આમંત્રિત મહેમાનોની પ્રેરક ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો સૌ મહેમાનશ્રીઓએ પોતાના અનુભવો અને પ્રાસંગિક ઉદબોધન કરી સૌ તાલીમાર્થીઓને આશીર્વાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાથે દરેક તાલીમાર્થીઓને સ્મૃતિ રૂપે ભેટ આપી કાર્યક્રમના અંતે સૌએ સમૂહ ભોજન લીધુ હતું.કાર્યક્રમના બીજા સેશનમાં તાલીમાર્થીઓએ પોતાના બે વર્ષના પ્રતિભાવો રજૂ કર્યા આ સાથે અવનવી ગેમ્સ રમી અને પ્રોજેક્ટર ઉપર ફોટોગ્રાફ્સ અને વિડિયો બે વર્ષની પ્રવૃત્તિઓના- કાર્યક્રમોના ઝાંખી રૂપે સૌએ સાથે મળીને નિહાળી .આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેમ. ૨ના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુંહતુંતેમજ સમગ્ર કાર્યક્રમનું સુંદર ડેકોરેશન પણ સેમ. ૨ ના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.બી.એડ્. કોલેજના સમગ્ર સ્ટાફે સાથે મળીને સમગ્ર કાર્યક્રમને સુંદર રીતે પૂર્ણ કરવામાં સાથ, સહકાર અને સહયોગ આપી સફળ બનાવ્યો હતો.

# 'ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વર્ષ-૨૦૨૪' માટે નિર્માતાઓ પાસેથી નામાંકન માટે અરજીઓ મંગાવાઈ

ગુજરાતી ચલચિત્રો ગુણવત્તાયુક્ત બને અને તેને વધુ પ્રોત્સાહન મળે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા ગુજરાતી ચલચિત્રો માટે 'ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-૨૦૧૯' હેઠળ ગુજરાતી ચલચિત્રોના કલાકાર કસબીઓને વિવિધ કેટેગરીમાં રોકડ પુરસ્કાર-પારિતોષિક એનાયત કરવામાં આવે છે. જે અંતર્ગત કેલેન્ડર વર્ષ-૨૦૨૪માં નિર્માણ કે પ્રસારણ પામેલા ગુજરાતી ચલચિત્રો, દસ્તાવેજી ચિત્રો અને બાળચિત્રોના સંબંધિત નિર્માતાઓ/ અરજદારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવી છે.ગુજરાત રાજ્યમાં લાયસન્સ ધરાવતાં સિનેમાગૃહોમાં જાન્યુઆરી-૨૦૨૪ થી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન પ્રથમ વખત પ્રદર્શિત થયા હોય એવા ગુજરાતી ચલચિત્રોને એવોર્ડ માટે અરજી કરવાની રહેશે. ગુજરાતી ચલચિત્રો, દસ્તાવેજી ચિત્રો અને બાળચિત્રો પૈકી શ્રેષ્ઠ ચલચિત્રો-કલાકાર કસબીઓને પારિતોષિક માટે તા.૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં અરજી કરી શકાશે. નિયત નમૂનાનું અરજીપત્રક અને જરૂરી વિગતો માહિતી ખાતાની વેબસાઈટ્.gujaratinfromation.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. 'ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વર્ષ-૨૦૨૪' માટે માહિતી નિયામકશ્રીની કચેરી, ફિલ્મ પ્રોડક્શન શાખા, બ્લોક નં.૧૯, પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે નિયત સમયમર્યાદામાં અરજી જમા કરાવવાની રહેશે.

# તલોદના પાશીના મુવાડા સીમમાં ડમ્પર ટ્રક અને કાર વચ્ચે અકસ્માતમાં એકનું મોત

અમદાવાદ મોડાસા સ્ટેટ હાઈવે ઉપર આવેલ તલોદ તાલુકાના પાશીના મુવાડા ગામની સીમમાં ડમ્પર ટ્રક અને વેગનાર કાર વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં કારમાં સવાર દંપતિ જીવલેણ ઈજાનો ભોગ બન્યા હતા.જે પૈકી પ્રભાબેન ઘનશ્યામભાઈ પટેલ રહે મગનપુરા, તા.ધનસુરા, જિ.અરવલ્લીનું ગંભીર ઈજાને કારણે કણસતી હાલતમાં કરૂણ મોત નિપજયું હતું.જયારે ઘનશ્યામભાઈને પણ શરીરે તલોદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.અકસ્માત એટલો ભયાનક હતો કે કારની ખાલી સાઈડના ભાગનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો.જે સર્જાયેલ અકસ્માતમાં મોતને ભેટનાર પ્રભાબેનના મૃતદેહનું તલોદ સિવિલ હોસ્પિટલમાં પી.એમ કરવામાં આવ્યું હતું.જે બનાવની જાણ તલોદ પોલીસને કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# જાતે પગાર વધારતા સંસદસભ્યો અને વિધાયક સાહેબો યુનિવર્સિટીના કુલ સચિવની માફક ક્યારે સસ્પેન્ડ થશે ?

કોઇ વ્યક્તિ નોકરી શું કામ કરે છે? કોઇ માણસ ધંધો-વ્યવસાય શું કામ કરે છે? પરિણીત કે અપરિણીતો આજીવિકા રળવા કે અર્થોપાર્જનાર્થે કંઇ ને કંઇ કરે છે. ભંગારની લારી ચલાવતી વ્યક્તિ કમાવા માટે તનતોડ મહેનત કરે છે. લોકોના ઘર ઠંડા રાખવા કે લોકો ઠંડા પાણી પી શકે તે માટે એસી અને ફ્રિજ પહોંચાડવા માટે પેડલ રિક્ષા ચલાવતો માણસ ક્યારેય એસી કે ફ્રિજ વાપરતો નથી. બહુમાળી ઈમારત બનાવનાર વિશ્વકર્મા એટલે કે કડિયા, સુથાર, રંગરેજ તો ઝૂંપડામાં જ જીંદગી બસર કરે છે. ધંધામાં કીળાધોળા કરનાર બે પૈસા કમાવા રાતદિવસ એક કરે છે. અર્થોપાર્જનની પ્રવૃત્તિમાં નૈતિક અગર અનૈતિક વિચારણાને અવકાશ નથી. અર્થતંત્રને વોલ્યમ ઓફ મની, વેલોસીટી ઓફ મની સાથે નિસ્બત હોય છે!

નોકરિયાતના જીવનમાં પહેલી તારીખનું મહત્વ દિવાળી, નાતાલ, ઈદ જેવું જ હોય છે..બલ્કે તેના કરતાં વધુ હોય છે.એક ફિલ્મમાં 'આજ પહેલી તારીખ હૈ 'નું ગીત છે .એક હીરોઇન નોકરીના કારણે પ્રિયતમના વિરહથી અકળાઈને કહે છે કે તેરી દો ટકિયો કી નૌકરી મેં લાખો કા સાવન જાયે!!પહેલી તારીખે બડા ખાના ( બડા ખાના એટલે સામિષ એટલે કે નોન વેજ હોય છે. લશ્કરમાં આવી પાર્ટીને બડા ખાના કહે છે!)પહેલી તારીખે હોટલ સિનેમા જશે. પરિવારને રાજી કરશે. પાર્ટી શોપિંગ સૈર સપાટા કરશે.

કર્મચારીની પ્રકૃતિ મહિનાની તારીખથી લઇ છેલ્લી તારીખ દરમિયાન વિભિન્ન પ્રકારની હોય છે.પહેલી તારીખથી દસમી તારીખ સુધી કેપિટાલિસ્ટ કે મૂડીવાદી હોય છે. અગિયારમી થી વીસ તારીખ સુધી શાંતિમય સહ અસ્તિત્વ કે મિશ્ર અર્થતંત્ર જેવું હોય. અર્થાત્ ખાનગી અને સરકારી અર્થતંત્ર જેવી હાલત હોય! છેલ્લે એકવીસ થી ત્રીસ સુધી સામ્યવાદી- આતંકવાદી બની જાય છે. જેનું મળે, જે મળે તેનું છીનવી લે છે!

તમને ,મને અને સૌને જે રકમની ચુકવણી કરવામાં આવે છે તેને પગાર વેતન, મળે છે. તેના માટે અંગ્રેજી ભાષામાં સેલરી શબ્દ વાપરવામાં આવે છે. તે શબ્દ સેલેરીયમ પરથી આવ્યો છે.એ શબ્દ લેટિન છે. તે જમાનામાં સેલરી, પગાર, વેતન,આમદાની પેટે મીઠું ચુકવવામાં આવતું હતું.

પગાર તરીકે જે રકમ મળે તે હંમેશા અન્યોની સરખામણીમાં કાયમ ઓછી જ લાગે. ભલા ઉનકી તનખ્વાહસે મેરી તનખ્વાહ ચવન્ની-અઠન્ની કયું? ઉનકી સેલરી ખૂન ઔર મેરી સેલરી પાનીસે પતલી કયું ? આ પ્રકારના સવાલો મનમાં ઉદ્ભવે ! તમને નોકરીમાં દાખલ થતાં પગાર તરીકે જે રકમ આપવામાં આવે તે રકમમાં એક નયા પૈસાના વધારા સિવાય કામ કરવાનું કહે તો તમે કામ કરો?આ સવાલનો જવાબ નકારાત્મક હોય!તમે ફટ દઈને બોસના હાથમાં રાજીનામું પકડાવી ચલતી પકડો . દરેકને પગાર વધે તેમાં રસ હોય છે. તમે કામ કરો કે ન કરો, નિયમિત કંપની કે ઓફિસ જાવ કે ના જાવ. પરંતુ, વરસે પગાર વધવો જોઈએ તેમ હકકપૂર્વક કહો છો.

ભૂતકાળમાં અમદાવાદ ભારતનું માનચેસ્ટર કેહેવાતું .અમદાવાદ સોથી વધુ કાપડની મિલો ધમધમતી હતી. કામદારોના યુવિયનવા પગારવધારો કરવા માટેના જડાતિજડ વલણ તેમ જ સામે પક્ષે મિલ માલિકો વસૂકી ગયેલી ગાય જેવી મિલોને છેલ્લા ટીપા સુધી દોહી લેવાના સ્વાર્થી વલણને કારણે મિલઉધ્યોગ તાસના પતાની જેમ પડી ભાંગેલો ! મુંબઈમાં યુનિયનો દાદાગીરી અને માલિકોની દાંડાઈને લીધે ઘણી કંપનીને અલીગઢી તાળા લાગી ગયેલ!

પગાર વધારો કેટલો માંગવો તેના ધારા ધોરણ નથી . હાલ , મળતા પગાર જેટલો પગાર વધારો માંગવો કે ૫૦% પગાર વધારો માંગવો તે બાબતે યુનિયનના સભ્યોમાં મતમતાંતર રહે છે. આપણે રાણીનો હજીરો માંગીએ એટલે મેનેજમેન્ટ તગારા જેટલો પણ પગાર ન વધારે. તમે તોપની માંગણી કરો તો ચાંદલિયા ફોડવાની બંદૂક મળે તેમ સરકારી રીત રસમ કહે છે. બજેટમાં આવા ધૂમ ધડાકા હોય પછી સુરસુરીયા થઈ જાય!!

કોઇ વ્યકિત કરિયાણાનો વેપાર કરતો હોય. તેનો જૂનો અને વિશ્વાસુ ( આ બંને શબ્દો ગરબડ સર્જે છે. કેમ કે, વિશ્વાસુ હોય એ જૂનો ન હોય અને જૂનો હોય એ વિશ્વાસુ ન હોય!) દિવાળીના સમયે ડરતાં ડરતાં પગાર વધારા માટે અરજ કરે અને કરિયાણાનો વેપારી કાં તો પગાર વધારી આપે અથવા માંગણી ધુત્કારી નાંખે. બહુ ઉદાર હોય તો પાંચ પચ્ચીસ રૂપિયાનો પગારમાં વધારો કરી આપે. આવું જ અન્ય ધંધાર્થીનું હોય.

હું અને રાજુ રદી બખડજંતર ચેનલમાં વરસોથી ઝૂડાવીએ છીએ.અમે બાબુલાલ બબુચક પાસે પગાર વધારો કરવા રજૂઆત કરીએ કે બાબુ બહુચકને સાપ સૂંઘી ગયો હોય તેવું વિચિત્ર વર્તન કરે. પછી લોખંડના ચણા ચાવ્યા હોય તેનું ડાચું કરે. પગાર વધારો કેમ કરી શકાય તેમ નથી તેની સલીમ- જાવેદ સ્ટાઇલની ઈસ્ટોરી કહે. છેવટે એક હજાર રૂપિયાના પગાર વધારાની માંગણી સામે દસ રૂપરડી વધારવા મહામહેનતે ના છૂટકે સંમત થાય. બાબુલાલ બબુચકે અમારા પર મોટો વધારો કર્યો હોય તેમ અહેસાન જતાવે!!

તમે ગમે તેટલા મોટા ખેરખાં હો. તમારી મૂંછે લીંબુ લટકતા હોય. તમે તમારા પગારમાં કાણી પાઇનો વધારો કરી શકો? આ સવાલનો જવાબ નકારમાં હકારાત્મક હોય છે. તમે બહુ બહુ તો પગાર વધારવા અરજા આપો. કાળી પટી લબડાવો. પેન ડાઇન કરો ( બાબુઓ પેન અપ કરતા જ નથી. એટલે પેન ડાઇન જ હોય છે. ) વર્ક ટુ રુલ ( પ્રજા પણ તમે વર્ક ટુ રુલ કરો એમ ઇચ્છે છે. એટલીસ્ટ કામ તો કરો મારા બાપલીયા!), ઘરણા ધરો, માસ સીએલ લો, હડતાળ પાડો, રેલી કાઢો, બસ સળગાવો , સરકારી ઈમારતોના કાચ ફોડે. તેમ છતાં તમે તમારો પગાર વધારી શકો નહીં.

બખડજંતર ચેનલના માલિક બાબુલાલ બબુચકની ચેર પર બેસીને રાજુ રદી સપનામાં દસ બાર મીડાનો પગાર વધારો મંજૂર કરવાની ફાઈલ પર સહી કરી શકતો નથી. તેના હાથ ધ્રુજે છે!બાબુલાલ રાજુને મીડાની આગળ એકડો લખવા સૂચના આપે છે. રાજુ રદી મીડાની પાછળ એકડો લખે છે. બાબુલાલ તેના પર સહી કરી દે છે!

ચેરીટી બીગીન્સ એટ હોમ. મતલબ કે સત્કાર્યની શરૂઆત ઘરથી થાય છે. આ કહેવતનું પાલન કરી હમણા એક યુનિવર્સિટીના કુલસચિવ સાહેબે આપખુદ થઈને ખુદનો પગારવધારો ખુદ ગબ્બરે મંજૂર કરી નાંખ્યો. પગાર વધારો કરવામાં કોઇને પૂછવાનું હોય? સ્વનેકી ઔર પૂંછ? અસંભવ .કુલસચિવ સાહેબ દલા તરવાડી પરંપરાના પૂજારી હતા. દલા તરવાડીએ તો વાડીને પૂછીને રીંગણા લીધા. કુલસચિવ સાહેબે તો યુનિવર્સિટીમાં જો કોઇ દલા તરવાડી હોય તો તેમને પૂછવાની પણ ચેષ્ટા કરી નહી. યુનિવર્સિટીએ તપાસ કરાવી. તપાસમાં કુલસચિવ સાહેબને સાતમુ પગારપંચ મળવાપાત્ર ન હતું તેમ છતાં મોટું મન રાખી મંજૂર કરી દીધેલ. (પગારને વળગે શું ભૂર? પોતાનો પગાર પોતે મંજૂર કરે એ શૂર એવું નર્મદ કહી ગયા છે. ) આ નિર્ણયને યુનિવર્સિટી સતાનો દુરપયોગ માને છે. આ નિર્ણય કુલસચિવ સાહેબની ભલાઈ માટે હોય તો દુરપયોગ કંઇ રીતે કહેવાય? સતાનો શ્રેષ્ઠતમ ઉપયોગ કહેવાય! યુનિવર્સિટી એ આ નિર્ણય બદલ કુલસચિવ સાહેબને સસ્પેન્ડ કરી નાંખ્યા!

આ દેશમાં વિચિત્રતા છે. તમામ લોકો જાતે પોતાનો પગાર ભથ્થા વધારી શકતા નથી. કેવળ અને કેવળ ચૂંટાયેલા બાહુબલિ, અપરાધી એવા માનનીય અંગૂઠાછાપ સંસદસભ્ય અને માનનીય વિધાનસભ્ય સાહેબો ભૂવો ઘુણે તો નારિયેળ ઘર તરફ નાંખે તેમ મનફાવે એટલો પગાર વધારે છે, ભથ્થા વધારે છે, સવલતો વધારે છે! પરંતુ, આપણા કુલસચિવ સાહેબની જેમ કદાપિ સસ્પેન્ડ થતા નથી તેમ અમારો રાજુ રદી કહે છે!

કાયદામાં સમાન પ્રકારના ગુનામાં સમાન પ્રકારની સજા મળે તેવી જોગવાઇ છે. કુલસચિવ સાહેબના કિસ્સામાં તો તેનો અમલ થયો. હવે, માનનીય સાંસદો અને વિધાનસભ્યેના કિસ્સામાં તેનો અમલ ક્યારે થશે એવો રાજુ રદીનો મુલાયમ સવાલ છે?

ભરત વૈષ્ણવ

# ભાજપ નેતાઓની ચાપલૂસી અને રાષ્ટ્રપતિ પદની લાલચમાં ધનખડ પોતાના હોદ્દાનું ગૌરવ ભૂલ્યા!



સુપ્રીમ કોર્ટ વિરુદ્ધ ભાજપ સાંસદ નિશિકાંત દુબેના ગમારપણા કરતાં વધારે આઘાતજનક ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડનાં નિવેદનો છે. ધનખડ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં સીનિયર વકીલ અને કાઉન્સેલ રહી ચૂક્યા છે એ જોતાં તેમને બંધારણની સમજ ના હોય એ માની શકાય. આમ છતાં ભાજપની નેતાગીરીની ચાપલૂસી કરવા તેમણે સુપ્રીમ કોર્ટ સામે બેફામ નિવેદનબાજી કરી નાંખી. ધનખડ ભાજપ નેતાગીરીની ચાપલૂસી કરી રહ્યા છે તેનું કારણ રાષ્ટ્રપતિ બનવાની મહત્વાકાંક્ષા છે. દ્રૌપદી મુર્મુ ૨૦૨૭માં નિવૃત્ત થાય ત્યારે પોતાનો નંબર લાગી જાય એ માટે ધનખડ પોતાના હોદ્દાનું ગૌરવ પણ ભૂલી ગયા છે.

સુપ્રીમ કોર્ટ સામેનાં બેફામ નિવેદનોને ભાજપ હાઈકમાન્ડના આશિર્વાદ છે. ભારતમાં સંસદ નહીં બંધારણ સર્વોપરી, સુપ્રીમ કોર્ટ સંસદે બનાવેલા કાયદાને ફગાવી શકે. ભારતમાં સંસદ સર્વોપરી છે એવું કહેવાય છે પણ વાસ્તવમાં બંધારણ સર્વોપરિ છે. બંધારણમાં સંસદ અને ન્યાયતંત્ર એકબીજાને બેફામ બનતાં રોકે એ પ્રકારની ઘણી જોગવાઈઓ કરાયેલી છે.

ભારતના બંધારણ પ્રમાણે, સંસદને કાયદા બનાવવાનો અધિકાર છે પણ આ કાયદા બંધારણની મર્યાદામાં રહીને બનાવવા પડે. કોઈ પણ બંધારણીય જોગવાઈનો ભંગ થતો કાયદો સંસદ પણ ના બનાવી શકે. સંસદને કોઈ બંધારણીય જોગવાઈ યોગ્ય ના લાગતી હોય તો તેને બંધારણીય સુધારા દ્વારા નાબૂદ પણ કરી શકાય અને બદલી પણ શકાય. બંધારણીય સુધારો સંસદનાં બંને ગૃહો એટલે કે રાજ્યસભા અને લોકસભામાં બે તૃતિયાંશ બહુમતીથી પસાર કરવો પડે. એ પછી દેશનાં તમામ રાજ્યોની વિધાનસભામાંથી ૫૦ ટકા વિધાનસભામાં બહુમતીથી તેને મંજૂરી અપાય પછી જ બંધારણીય સુધારો થાય.

ભાજપના નેતા બકવાસ કરે છે કે સંસદે બનાવેલા કાયદાને કોઈ પડકારી ના શકે પણ એ હળાહળ જૂઠાણું છે. સંસદે બનાવેલા કાયદાની સમીક્ષા કરવાનો સુપ્રીમ કોર્ટને અધિકાર છે. ભારતના બંધારણે સુપ્રીમ કોર્ટને જયુડિશિયલ રીવ્યુનો અધિકાર આપ્યો છે. બંધારણની કલમો ૧૩, ૩૨, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૪૩, ૨૨૬ અને ૨૪૬ હેઠળ મળેલા અધિકારો દ્વારા બંધારણીય જોગવાઈનો ભંગ થતો હોય એવા સંસદે પસાર કરેલા કાયદાને પણ સુપ્રીમ કોર્ટ રદ કરી શકે છે. કેન્દ્ર સરકારે જેમનો સમાવેશ નવમા શીડયુલમાં કર્યો હોય એવા કાયદા સિવાયના બંધારણીય જોગવાઈઓનો ભંગ કરતા તમામ કાયદા રદ કરવાનો સુપ્રીમ કોર્ટને અધિકાર છે.

પહેલી વાત એ કે, સુપ્રીમ કોર્ટ ગમે તેને આદેશ આપી શકે અને આ અધિકાર તેને આ દેશના બંધારણે આપ્યો છે. દેશના બંધારણે સુપ્રીમ કોર્ટને બંધારણની રક્ષક બનાવીને બંધારણની રક્ષા માટે જરૂરી બધું જ કરવાનો અધિકાર આપ્યો છે. ભારતીય બંધારણની કલમ ૧૪૨ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, સુપ્રીમ કોર્ટમાં પડતર કોઈપણ મુદ્દે ન્યાય કરવા માટે જરૂરી કોઈપણ આદેશ આપવાની સત્તા સુપ્રીમ કોર્ટને છે. ભારતના રાષ્ટ્રપતિ બંધારણના દાયરામાં જ આવે છે તેથી ન્યાય માટે જરૂરી લાગે તો સુપ્રીમ કોટ ર્રાષ્ટપતિને પણ આદેશ આપી શકે છે. ભાજપના નેતા રાષ્ટ્રપતિ બંધારણથી પર હોય એવું ચિત્ર ઉભું કરવા મથે છે પણ રાષ્ટ્રપતિએ પણ બંધારણને અનુસરવું ફરજિયાત છે. એ દેશના રાષ્ટ્રપતિ છે, રાજા નથી ને 'સુપ્રીમ' પણ નથી.

# પહેલીવાર સુરત પોલીસનો આત્મહત્યા પર સર્વેઃ૩ વર્ષમાં ૧૮૬૬ આત્મહત્યા

સામાન્ય રીતે જેને દર્દ કે આરોગ્ય સંસ્થાઓનો વિષય માનવામાં આવે છે એવા આત્મહત્યાના સંવેદનશીલ મુદ્દે સુરત પોલીસે માનવીય અભિગમ અપનાવ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર સુરત શહેર પોલીસ દ્વારા બે ઢઔંના માર્ગદર્શન હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં નોંધાયેલા ૧૮૬૬ આપઘાતના કેસનો અભ્યાસ અને વિશ્લેષણ કર્યું છે. આ સર્વેમાં સૌથી વધુ આપઘાત ઘરકંકાસને કારણે થયા હોવાનું સામે આવ્યું છે. વધતા આપઘાતના બનાવોને રોકવા માટે પોલીસ દ્વારા ત્રણ હેલ્પલાઈન નંબર શરૂ કર્યા છે, જે આજથી (૨૨ એપ્રિલ) ૨૪ કલાક કાર્યરત રહેશે.આ સર્વે માટે સુરત પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે ખાસ દિશા આપીને ટીમને એફઆઈઆર, સુસાઇડ નોટ, પરિવારનાં નિવેદનો, ફોન લોગ અને આરોગ્ય સંબંધિત પાસાંના આધારે દરેક આપઘાતના કેસને એક માનવીય અભિગમથી નિહાળવાનો નિર્દેશ આપ્યો હતો. આ અભ્યાસમાં જે તથ્યો સામે આવ્યાં છે એ સમગ્ર સમાજ માટે ચિંતાજનક સંકેત છે. સુરત શહેરમાં ત્રણ વર્ષમાં નોંધાયેલા ૧૮૬૬ કેસમાંથી ૪૯૦, એટલે કે ૨૬% આપઘાતના બનાવો ઘરના ઝઘડા અને ઘરેલુ તણાવને કારણે થયા છે. બીજું સૌથી મોટું કારણ બીમારી છે. ૪૫૨ કેસ એટલે કે ૨૪% લોકો લાંબી બીમારીથી થાકીને જીવન ટૂંકાવી ચૂક્યા છે. આર્થિક સંકડામણ અને કર્જની સમસ્યાના કારણે પણ ૩૫૫ કેસ (૧૯%) નોંધાયા છે, જેમાં મોટા ભાગે વ્યાજખોરી અને નાણાકીય દબાણ મુખ્ય કારણ રહ્યાં છે.પોલીસના સર્વેમાં પ્રેમસંબંધોના તણાવને કારણે ૧૦૪ આપઘાતના કેસ (૫.૬%) નોંધાયા છે, જ્યારે ૨૨૮ કેસ (૧૨.૨%) ડિપ્રેશનને કારણે થયાનું જાણવા મળ્યું છે. આશ્ચર્યજનક રીતે ૨૦૦ કેસો (૧૧%) ભણતર અથવા કારકિર્દી નિષ્ફળતા, પરીક્ષા કે નોકરીમાં હારને કારણે થયા છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 184**
વિષય :-કહેવાય નહીં
શીર્ષક :-કહેવાય નહીં ને?
પ્રકાર :- પદ્ય - શબ્દ :-૧૦૨

વાતો કેવી કેવી ચાલે, સાહિત્યની દુનિયામાં;
સાચું કોનું સારું કોનું, કહેવાય નહીં ને?

આજે અહીં કાલે બીજે, ગૃપ બદલાય કેવા;
ચાલે કોનું ફાલે કોણ, કહેવાય નહીં ને?

ગમે તે લખો કહેલ છે, સારા લેખ ભલે આવે;
બીજા રડે તું હસીશ, કહેવાય નહીં ને?

સવાર પડતાં ઢગલો, ગૃપ ખૂલે કે થોકડો;
કોણ વાંચે કોનું વાંચે, કહેવાય નહીં ને?

છોડ છંદ મૂક ભાષા, આગળ જવું તો છે ને;
છેલ્લામાંથી તું પહેલો, કહેવાય નહીં ને?

નામ ચાલે દામ ચાલે, આજે શત્રુ કાલે મિત્ર;
ક્યાંથી શું શું ગોઠવાય, કહેવાય નહીં ને?

નશો છે આ નામનો ને, કેફ છે આ ખિતાબનો;
'પરખ' અહીં ખોટાની, કહેવાય નહીં ને!

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No ::226**
વિષય: કહેવાય નહીં
શિર્ષક: કહેવાય નહીં
રચના: પદ્ય શબ્દો : ૭૪

જ્યાં તમારી કહેલી વાતો ના સાંભળે કહેવાય નહીં!
પેટમાં ધરબોળાએલી વાતોને કોઈને કહેવાય નહીં!

વિશાળ ગગનને કેટલા વસે તારલા કહેવાય નહીં!
વિશાળ ગગનેથી કેટલા તૂટે તારલા કહેવાય નહીં!

સુનામીથી થનાર અનુમાનો કેટલાં કહેવાય નહીં!
આભ ફાટે શું થાય ગરીબોનાં હાલ કહેવાય નહીં!

પ્રેમી પંખીડાંના તૂટેલાં દિલનાં હાલ કહેવાય નહીં!
વિરહ તણી વિતતી વેદનાઓ વળી કહેવાય નહીં!

ઈશ્વર તણા ખેલ હોય નિરાળા, તેને કહેવાય નહીં!
ઈશ્વરની થશે મહેરબાની અચાનક કહેવાય નહીં!

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153** વિષય:"કહેવાય નહીં"
શીર્ષક:"કાંઈ કહેવાય નહીં" પ્રકાર:પધ્ય. શબ્દો:૧૨૭
જરુરિયાત પ્રમાણે કોણ આપણ ને છેતરે છે ને કોણ વેતરે છે તે કાંઈ કહેવાય નહીં. દેખાવ ની દિવાલ ચણે પછી, દિવાલ ને ધડમુળ કરે તો કાંઈ કહેવાય નહીં. પૈસો તો ધૂળ છે એમ કહી પછી પૈસા માટે ધૂળ ફંફોળે તો કાંઈ કહેવાય નહીં?
તમારા વિચારે તમે સમોવડી બનાવી,તે ક્યારે મોવડી બને કાંઈ કહેવાય નહીં.
તમે ભલે તેને સુખો નો ગુલદસ્તો આપો,તે તમને દુ:ખો નું પોટલું આપે કહેવાય નહીં.
તમે સંગીતનાં સૂર રેલાવવા વાંસળી દો, તે પિયરિયાનું પીપુડું વગાડે કહેવાય નહીં.
નોકર,રસોઈઓ ને ડ્રાઈવર આપો તો પતિ સારો નહીંતર ખારો કાંઈ કહેવાય નહીં. પર્સ,પાર્લર,પોશાક,પગરખાં ને પેન્ડલ આપો તો પતિ મધૂરો નહીં તો અધૂરો કાંઈ કહેવાય નહીં.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO:- 364***
★વિષય:- કહેવાય નહીં.★
★શીર્ષક:- "વિરહની વ્યથા"★
★પ્રકાર:- પદ્ય શબ્દો:- ૯૮★
★કહેવાય નહીં, સહેવાય નહીં, એવી છે વિરહની વ્યથા,★
પૃથ્વી પરનાં પાગલ પ્રેમીઓની જ છે અકથ્ય કથા.

★"ઈવ - આદમ, હીર - રાંઝા, શીરીન - ફરિહાદ"★- અમર છે નામ,
સુખેથી જીવી શક્યાં નથી, પ્રેમ - પ્રીતનાં નામે કર્યાં નાકામ,
યુગે યુગે આ જમાનો નિર્દોષ પ્રેમીઓ પર સદા રહ્યો છે ખથા.

નિષ્પાપ - નિર્દોષ પ્રેમની આરાધના કરવી એય છે ભક્તિ,
નિર્દોષ ભાવે નિહાળીએ તેને ક્યારેય ના જ ગણીએ આસક્તિ,
જગતમાં સમજનારાં સમજી શક્યાં છે આ અમર ગાથા.

નિર્દોષ - સાચો પ્રેમ તો પરમેશ્વરનું ખૂબ જ છે પવિત્ર રૂપ,
ઓળખી ના શકી આ દુનિયા, ★"પાલવડે બાંધી પ્રીત અનુપ,"★
★"પંકજ"★- કામદેવ - રતિ, વસંતને શિવજી એ આપેલી આકરી સજા.
★મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા★
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.167***
★વિષય:-"કહેવાય નહીં"★
★શિર્ષક;- "કહેવાય નહીં સહેવાય નહીં"★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૧૦૭★

કહેવાય નહીં સહેવાય નહીં, એવી દશા થાય અહીં,
મૂંગા ની દશા બગડે, પણ બોલવાથી કૈ થાય નહીં.
ઘણી ઘણી વાત એવી હોય છે, જે કહેવાય નહીં,
મૂંઝારો થાય મનમાં, ને કોઈ રીતે એ સહેવાય નહીં.
કહે છે લોકોને ટેવ હોય છે, વાતનું વતેશ્વર કરવાની,
સમજાય તો છે બધાંને, પણ પડી છે ટેવ ફરવાની.
કરવાનું તો ક્યારેય કરતાં નથી,એ વાત કાનમાં રહી,
પછી કરતાં ફરે છે ચોખવટ, કામ ક્યાં થાય છે અહી.
એક વાત તો નક્કી છે,નિયતિ શું કરે એ કહેવાય નહીં,
માણસ તો કર્મ કરતો રહે, વાત ક્યારેય સમજાય નહીં.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO : 161**
વિષય : કહેવાય નહીં
શિર્ષક : તો કંઈ કહેવાય નહીં!
પ્રકાર : અછાંદસ કાવ્ય શબ્દો : ૮૦

સંવેદનાને વાચા ફૂટી
ને અશ્રુઓથી વેદના ખૂટી
પછી આંખે દરિયો વહે તો કંઈ કહેવાય નહીં!

વાસંતી વાયરાને શ્વસે છો ને કળી
ફુલની સુવાસ જાય ફોરી ફોરી
પછી વહી જાય શ્વાસ તો કંઈ કહેવાય નહીં!

મૃગજળનો ભાસ? હવે ખૂલ્લી આ આંખોને
સ્વપ્નાની પેલે પાર જાય દોડી દોડીને
પછી રહી જાય કોઈ આશ તો કંઈ કહેવાય નહીં!

પાનખર આવે ભલે વાજતે ને ગાજતે
પાંદડા ઊડે છે ભલે સવારે ને સાંજે
પછી સહી જાય કોઈ કુંપળ તો કંઈ કહેવાય નહીં!
○○○○ગ્રીષ્મા પંડ્યા ○○○○
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS no 2o5**
વિષય.. કહેવાય નહીં
શિર્ષક..મન ની મુંગી મનમાં જાણે
પ્રકાર... ગદ્ય શબ્દો..૧૫૦
વહાં કેવો આ દર્દ કોય ને કહેવાય પણ નહીં અને સહેવાય પણ નહીં
અને તેના વગર રહેવાય પણ નહીં
પણ જેના દિલ માં દયા નું સ્થાન નથી ત્યાં વાત ન કર દિલ ખોલી ને
દયા વગર ના માનવી ને નાઝીર ની કશી જરૂર નથી
આપણા માં કહેવત શેકે સોના ની જાળ પાણી માં ન નખાય
આ જમાના માં કોય ને પણ કય વાત કરતા પહેલા સો વાર વિચાર કરવો પડે છે
આપણી તકલીફ સમજવા વાળા બધા આપણા નથી હોતા
ઘણી વખત આવું પણ બને છે કે?
પોતાની બદનામી ના હિસાબ થી
માણસ પોતાની કોય ગુપ્ત વાતો કોય ને કહેતો નથી એટલે મન માં ને મન માં ઘણો મુજાય જે
બસ હે માનવ આ પથીક તમને આટલુ જ કહે શેકે કર તું ખુદા ને બંદગી
અને પ્રભુને પ્રાર્થના તો તારો બેડો થય જશે પાર
સ્વ રચિયત પથીક ઊર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 175**
વિષય: કહેવાય નહીં
શિર્ષક: હૈયા ની હુતાશની
પ્રકાર : પદ્ય શબ્દો - ૭૬

હૈયા ની હુતાશની
★★★★★★★★★★★★★★★★★
ભેદભરમ મન ના કોઈ ને ય કહેવાય નહીં,
રૂઝાયેલ ઝખ્મો ને ફરીવાર ખોતરાય નહીં.

અરમાન દિલ માં સજાવ્યા તેં જિંદગીના,
નફરત ની હુતાશની માં હોમી દેવાય નહીં.

મિજલશ માં છુપાવી દીધા તે દર્દ ઉછીના,
એકાંત ના આયના માં એમ છુપાવાય નહીં.

પીળી પાનખરે પીંખાયો વસંતને તરછોડી ને,
નેવાં ના નીર ને હવે થી મોભે ચડાવાય નહીં.

સપ્ત સુરો થી સજાવ્યા તેં સમય ના સાઝ,
વિખરાયેલા ઉપવન ને ફરી સજાવાય નહીં.
- કિરીટકુમાર પી.વાઘેલા (સરતાજ)
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS : 388**
વિષય : કેહવાઈ નહિ
શીર્ષક : બાઝી
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૭૦

તાશ ના પત્તા નો પણ સરળ સિદ્ધાંત છે,
જ્યાં સુધી જરૂર નથી, ત્યાં સુધી પત્તા ખોલાઇ નહિ.
બાઝી બંધ છે ત્યાં સુધી જ રમવા ની મજા પણ છે,
બાઝી ખુલી ગયા બાદ શુ થશે, કશું કેહવાઈ નહિ.

તાશ માં ભલે ૫૨ પત્તા છે, કાળી નો એક્કો જ ભારી છે.
જોકર ને ક્યારે પણ નબળો ગણાય નહિ.
બાઝી તો રાજા, રાની અને ગુલામ ની છે,
એક્કો ક્યારે સર કરી જશે, કશું કેહવાઈ નહિ.

ક્યારે પણ એક પત્તુ નસીબ બદલી શકે છે,
માટે અંત સુધી હિમ્મત હરાય નહિ.
ચાર રંગ ના પત્તા જ ક્યારેક જીવન ને બેરંગ બનાવે છે,
ક્યારે બાઝી હાથ માં થી સરકી જશે, કશું કેહવાઈ નહિ.

જીવન અને નસીબ નું પણ
આભાર - નિહારીકા રવિયા કશું એવું જ તો છે.
નબળી ક્ષણો માં કોઈ પણ જોકર બની આવી શકે તે કદી ભુલાઈ નહિ.
બંધ પાના ની એક બાઝી તો ઈશ્વર પણ રમે છે,
માણસ નું ક્યારે શું થશે, કશું કેહવાઈ નહિ.
ફાલ્ગુની સાંગાણી ઓડેદરા
પોરબંદર, ગુજરાત

# અમરનાથ-હજયાત્રીના ફિટનેસ સર્ટિ.ની એક જ છત નીચે વ્યવસ્થા:સુરત શહેર-જિલ્લાના અંદાજે ૬૫૦૦ લોકો અમરનાથ, તો ૧૬૯૮ હજયાત્રાએ જશે



ધર્મ અને આરોગ્ય સેવાનો સુમેળ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં જીવંત થયો છે. હિન્દુ- મુસ્લિમ સમાજની પવિત્ર અમરનાથ યાત્રા અને હજયાત્રા પર જનાર યાત્રીઓને અનુકૂળતા રહે અને ફિટનેસ ચેકઅપ માટે દોડધામ ન કરવી પડે એ માટે સુરત સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા સૌપ્રથમવાર એક જ સ્થળે એક છત નીચે સ્વાસ્થ્ય ચકાસણીઓની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. ઝમ્ઝ, ઈમ્જી, બ્લડપ્રેશર, ઈસીજી સહિતના તમામ જરૂરી રિપોર્ટ હવે યાત્રિકો એક જ જગ્યાએથી મેળવી શકે છે.સુરત સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૦ દિવસમાં અમરનાથ યાત્રા માટે ૩૦૦૦થી વધુ યાત્રીને અને માત્ર એક જ દિવસમાં હજયાત્રા માટે ૫૦૦થી વધુ યાત્રીઓને ફિટનેસ સર્ટિફિકેટ ઈસ્યુ કરાયાં છે. સુરત શહેર-જિલ્લાના અંદાજે ૬૫૦૦ યાત્રી અમરનાથ યાત્રા માટે અને ૧૬૯૮ યાત્રી હજયાત્રાએ જશે. અમરનાથ યાત્રાની જુલાઈથી શરૂઆત થશે, જ્યારે હજયાત્રા ૨ મેથી ૪૦ દિવસ સુધી ચાલુ રહેશે.નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ અને ટ્રોમાના ઈન્ચાર્જ ઈકબાલ કડીવાલાએ સિવિલ તંત્રની વ્યવસ્થાની વિગતો આપી જણાવ્યું હતું કે રાષ્ટ્રનો વિકાસ સામાજિક સમરસતાથી થતો હોય છે. હજ અને અમરનાથ યાત્રિકો એક છત નીચે પ્રમાણપત્રો મેળવી રહ્યા છે. બંને વર્ગના યાત્રિકોને સુગમ અને સરળ યાત્રાની શુભકામનાઓ પાઠવી હતી.

છેલ્લાં ૧૦ વર્ષથી હજ અને અમરનાથ યાત્રીઓ માટે ફિટનેસ ચેકઅપની કામગીરી થઈ રહી છે, પરંતુ આ વર્ષે બંને યાત્રાઓ માટે એકસાથે વ્યવસ્થા કરવામાં આવી છે. આ પહેલ માત્ર આરોગ્ય માટે જ નહી, પણ સામાજિક કાર્ય માટે પણ મજબૂત પાયો પૂરો પાડે છે. હિન્દુ અને મુસ્લિમ યાત્રીઓ એક જ સ્થળેથી ચકાસણી કરાવી ધાર્મિક યાત્રા માટે તૈયાર થઈ રહ્યા છે. આ સમગ્ર પ્રક્રિયામાં કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ ઊભું થયું છે.નવી સિવિલ તંત્ર માત્ર આરોગ્ય સેવા પૂરતી સીમિત ન રહેતાં એકતા અને ભાઈચારાનો સંદેશ પણ આપી રહ્યું છે. સર્વધર્મ સમભાવ અને સમરસતાના સિદ્ધાંતને સાકાર કરતી આ સેવાઓ ખરા અર્થમાં સુરત શહેરના ગૌરવમાં ઉમેરો કરે છે, સાથોસાથ આસ્થાના પ્રવાહને વહેતો રાખે છે.

# કડી છત્રાલ હાઈવે પર ગેસ લીકેજથી કચરાના ઢગલામાં આગ ભભુકતાં અફરાતફરીનો માહોલ

કડી છત્રાલ હાઈવે પર પાંજરાપોળ નજીક મોડેસ્ટ હોટલની સામે સોમવારે રાત્રે એકાએક આગની ઘટના બની હતી. રોડની બાજુમાં કચરાના ઢગલા નીચે આવેલી સાબરમતી ગેસની જમ્બો પાઈપલાઈનમાં લીકેજ થતાં આગ ભભૂકી ઊઠી હતી.

આગની ઘટનાથી વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિકોએ તરત જ કડી નગરપાલિકાના ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી.

આગની ઘટનાને કારણે હાઈવે પર ટ્રાફિકજામની સ્થિતિ




સર્જાઈ હતી. કડી પોલીસના સ્ટાફે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી. સાબરમતી ગેસ કંપનીના કર્મચારીઓએ પણ ઘટનાસ્થળે પહોંચી ગેસ લાઈનનું રિપેરિંગ કાર્ય હાથ ધર્યું હતું.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. જો કે આ ઘટનાએ ગેસ પાઈપલાઈનની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

# પહેલીવાર સુરત પોલીસનો આત્મહત્યા પર સર્વે:૩ વર્ષમાં ૧૮૬૬ આત્મહત્યા

સામાન્ય રીતે જેને દ્ર્દ કે આરોગ્ય સંસ્થાઓનો વિષય માનવામાં આવે છે એવા આત્મહત્યાના સંવેદનશીલ મુદ્દે સુરત પોલીસે માનવીય અભિગમ અપનાવ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર સુરત શહેર પોલીસ દ્વારા બે હ્રૂઅૅના માર્ગદર્શન હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં નોંધાયેલા ૧૮૬૬ આપઘાતના કેસનો અભ્યાસ અને વિશ્લેષણ કર્યું છે. આ સર્વેમાં સૌથી વધુ આપઘાત ઘરકંકાસને કારણે થયા હોવાનું સામે આવ્યું છે. વધતા આપઘાતના બનાવોને રોકવા માટે પોલીસ દ્વારા ત્રણ હેલ્પલાઈન નંબર શરૂ કર્યા છે, જે આજથી (૨૨ એપ્રિલ) ૨૪ કલાક કાર્યરત રહેશે.આ સર્વે માટે સુરત પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે ખાસ દિશા આપીને ટીમને એફઆઈઆર, સુસાઇડ નોટ, પરિવારનાં નિવેદનો, ફોન લોગ અને આરોગ્ય સંબંધિત પાસાંના આધારે દરેક આપઘાતના કેસને એક માનવીય અભિગમથી નિહાળવાનો નિર્દેશ આપ્યો હતો. આ અભ્યાસમાં જે તથ્યો સામે આવ્યાં છે એ સમગ્ર સમાજ માટે ચિંતાજનક સંકેત છે. સુરત શહેરમાં ત્રણ વર્ષમાં નોંધાયેલા ૧૮૬૬ કેસમાંથી ૪૯૦, એટલે કે ૨૬% આપઘાતના બનાવો ઘરના ઝઘડા અને ઘરેલુ તણાવને કારણે થયા છે. બીજું સૌથી મોટું કારણ બીમારી છે. ૪૫૨ કેસ એટલે કે ૨૪% લોકો લાંબી બીમારીથી થાકીને જીવન ટૂંકાવી ચૂક્યા છે. આર્થિક સંકડામણ અને કર્જની સમસ્યાના કારણે પણ ૩૫૫ કેસ (૧૯%) નોંધાયા છે, જેમાં મોટા ભાગે વ્યાજખોરી અને નાણાકીય દબાણ મુખ્ય કારણ રહ્યાં છે.પોલીસના સર્વેમાં પ્રેમસંબંધોના તણાવને કારણે ૧૦૪ આપઘાતના કેસ (૫.૬%) નોંધાયા છે, જ્યારે ૨૨૮ કેસ (૧૨.૨%) ડિપ્રેશનને કારણે થયાનું જાણવા મળ્યું છે.

# દબાણ ઉપર કાર્યવાહી:ભુજના સરગુ ગામે હિસ્ટ્રીશીટરનું ૧૦ લાખનું અનધિકૃત બાંધકામ તોડી પડાયું



પશ્ચિમ કચ્છ પોલીસે ભુજના સરગુ ગામમાં દબાણ ઉપર કાર્યવાહી કરી છે. પોલીસે એક હિસ્ટ્રીશીટરનું ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યું છે. આ બાંધકામ લિયાકતઅલી રસીદઉલ્લા નોડે નામના શખ્સે કર્યું હતું. લિયાકતઅલી મૂળ ભુજના લુડિયાંનો રહેવાસી છે અને હાલમાં ભારાપરમાં રહે છે. તેની સામે કચ્છ, બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં ૫થી વધુ છેતરપિંડીના કેસ નોંધાયેલા છે.

આરોપીએ ખાવડા પોલીસ સ્ટેશન વિસ્તારના સરગુ ગામમાં બન્ની વિસ્તારની વન વિભાગની જમીન પર કબજો કર્યો હતો. આ જમીન પર તેણે પોતાના રહેણાંક માટે મકાન અને વાડો બનાવ્યો હતો. આ ગેરકાયદે દબાણ આશરે ૧૫,૦૦૦ ચોરસ મીટર જેટલું હતું, જેની કિંમત અંદાજે ૧૦ લાખ રૂપિયા આંકવામાં આવી છે. વહીવટી તંત્રે આ ગેરકાયદે બાંધકામને તોડી પાડીને કાયદેસરની કાર્યવાહી કરી છે. આ કાર્યવાહી ખાવડા પોલીસ સ્ટેશન, પશ્ચિમ કચ્છ, ભુજના નેતૃત્વમાં કરવામાં આવી હતી.

## ડાંગ કલેક્ટર સુશ્રી શાલિની દુહાને આહવા સિવિલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાત લીધી



આહવા-ડાંગ

ડાંગ જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર સુશ્રી શાલિની દુહાને, જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે કાર્યરત જનરલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાત લીધી હતી.જયાં આહવા સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ આર.એમ.ઓશ્રી ડો. એસ.બી.પવાર, અધિક્ષકશ્રી ડો.મીતેશ કુનભી, તેમજ અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિંમાશુ ગામિતે જનરલ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ ડોક્ટર, નર્સ કર્મચારીઓ/સ્ટાફની વિગતો સહિત આરોગ્ય વિષયક સેવાઓની જાણકારી આપી હતી. કલેક્ટરશ્રીએ આહવાની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની પરિસ્થિતિ જાણી, ઉપલબ્ધ સેવાઓની માહિતી મેળવી હતી. સાથે જ વિવિધ સેવાઓ માટેના ડોકટર્સની વિગતો પણ તેમણે મેળવી હતી. હોસ્પિટલમાં દર્દીઓને આવશ્યક સેવાઓ મળી રહે, દર્દીઓને કોઈ મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે તેવી વ્યવસ્થાઓ ઉભી કરવા કલેક્ટરશ્રીએ સત્તાધિકારીશ્રીઓને સુચનો કર્યાં હતાં.

## ડાંગ જિલ્લાના કલેક્ટર તરીકે સુશ્રી શાલિની દુહાને ચાર્જ સંભાળ્યો

આહવા-ડાંગ

ગત દિવસોમાં રાજ્યમાં ૧૬ જેટલા આઈ.એ.એસ. અધિકારીઓના થયેલા બદલીના હુકમ અનુસાર, ડાંગ જિલ્લા કલેક્ટર તરીકે ગાંધીનગર સ્થિત અર્બન ડેવલોપમેન્ટ એન્ડ અર્બન હાઉસિંગ વિભાગના જોઈન્ટ સેક્રેટરી સુશ્રી શાલિની દુહાનની નિમણૂક કરવામાં આવી હતી.જેના અનુસંધાને તાં. ૨૧ એપ્રિલના રોજ ડાંગ જિલ્લાના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે સુશ્રી શાલિની દુહાને વિધિવત તેમનો ચાર્જ સંભાળી લીધો છે.આ પ્રસંગે જિલ્લાની વિવિધ કચેરીઓ/વિભાગના અધિકારીઓ સહિત મહેસુલી અધિકારીઓએ કલેક્ટરશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ડાંગ કલેક્ટર તરીકે ચાર્જ સંભાળતાની સાથે જ તેઓએ જિલ્લાના અધિકારીઓ પાસેથી જિલ્લાની પરિસ્થિતિ અંગેનો તાગ મેળવ્યો હતો. તેમજ જિલ્લાને વધુ સારી રીતે વિકાસના પંથે અગ્રેસર કરવા, સાથે સુશાસનની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, સુશ્રી શાલિની દુહાન પાનિપત (હરિયાણા) ના વતની છે, અને તેઓ વર્ષ ૨૦૧૬ના સનદી અધિકારી છે. આ અગાઉ તેમણે વિવિધ વિભાગના મહત્વપૂર્ણ હોદ્દાઓ ઉપર તેમની ફરજ સફળતાપૂર્વક બજાવી છે.

## રાજ્ય કક્ષાના સ્પે.ખેલ મહાકુંભ ચેસ સ્પર્ધામાં ભાવનગરના મૂકબધિર વિદ્યાર્થીએ મેળવ્યો ગોલ્ડ મેડલ





ગુજરાત સરકાર અને ઓલ ગુજરાત સ્પોટ્ર્સ કાઉન્સિલ ફોર ડેફ દ્વારા સુંદર આયોજિત રાજ્ય કક્ષાના સ્પે.ખેલમહાકુંભ(અંડર ૧૬ ) ચેસ સ્પર્ધામાં શ્રી શાહ ખી. લ.બહેરા.મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ મહાલક્ષ્મીબેન અને જગન્નાથ એ.મહેતા શ્રવણ મંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ભાવનગરના ધોરણ ૯ માં અભ્યાસ કરતા અશરફ મન્સૂરી એ ગોલ્ડ મેડલ મેળવી સંસ્થા અને ભાવનગર જિલ્લાનું ગૌરવ વધારેલ છે.આ સાથે ભાગ લેનાર અન્ય વિદ્યાર્થીઓ કોઠારી વેદ, સોલંકી હસ્તીએ સારુ પ્રદર્શન કર્યુંહતુંખેલાડીઓ અને શાળાના રમત શિક્ષક અને કોચ શ્રી હિતેશભાઈ વ્યાસને આ સિધ્ધિ બદલ માં. ટ્રસ્ટી શ્રી ડો.અશ્વિનભાઈ પંડ્યા અન્ય ટ્રસ્ટી ગણ આચાર્યશ્રી શૈલેષભાઈ તથા સમગ્ર સ્ટાફે શુભેચ્છા સાથે અભિનંદન પાઠવ્યા હતા.

## જૂનાગઢમાં અવસરોથી ભરેલાં "મેઘા જોબ ફેર ૨૦૨૫" નું સફળ આયોજન






કિશન બહેચા -જૂનાગઢ સ્થિત ખ્યાતનામ ડૉ. સુભાષ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને મજબૂત કારકિર્દી માટે "મેઘા જોબ ફેર ૨૦૨૫" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીના પ્લેસમેન્ટ સેલના સૌજન્યથી યોજાયેલી આ ભરતી મેળામાં ૫૫ થી વધુ સ્થાનિક તથા રાષ્ટ્રીય સ્તરની કંપનીઓએ ભાગ લીધો, જેમાંથી ૨૦ થી વધુ બહુરાષ્ટ્રીય કંપનીઓનો સમાવેશ થયો હતો.આ જોબ ફેરમાં રાજ્યભરના વિવિધ કોર્સના અંદાજે ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. એન્જિનિયરિંગ, કમ્પ્યુટર સાયન્સ, મેનેજમેન્ટ, કોમર્સ, આર્ટ્સ, ફાર્મસી, ફિઝિયોથેરાપી અને નર્સિંગ જેવા વિવિધ ક્ષેત્રોના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ જોબ ફેરમાં એક્સિસ બેંક, નિરમા, અલ્ટ્રાટેક સિમેન્ટ, એમ.આર.એફ. ટાયર, એમનીલ ફાર્મા, જ્યોતિ ઝ્દ્રઝ, ઈન્ડિયા માર્ટ, ફાલ્કન સહિતની નોંધપાત્ર કંપનીઓએ ઈન્ટરવ્યૂ લઈને ૩૮૦ વિદ્યાર્થીઓને શોર્ટલિસ્ટ કર્યા હતા.સાયબર કોમ ક્રિએશન, ક્રિએટ પીક્સ ઈન્ફોટેક, વેબ્સમેનીયાક, યુ લિવા ન્યુટ્રીશન, અને જે.બી. કેમિકલ્સ સહિત ૧૦ જાણીતી કંપનીઓએ ઓનલાઇન માધ્યમથી લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂની પ્રક્રિયા અમલમાં મૂકી.યુનિવર્સિટીના પ્રમુખ રાજભાઈ ચાવડા અને પ્રોવોસ્ટ ડૉ. દીપક પટેલે પ્લેસમેન્ટ સેલના સભ્યો તેમજ ઉત્સાહપૂર્વક ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી. તેમણે જણાવ્યું કે, "વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક જ્ઞાન નહી, પરંતુ કારકિર્દી માટે યોગ્ય માર્ગદર્શન અને રોજગારની તકો આપવી અમારી પ્રાથમિકતા છે."

## નિશાળીયા ખાતે પ્રવેશદ્વારનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો



શબ્બીર રાઠોડ - વડોદરા જીલ્લા ના ભા.જ.પા પ્રમુખ તથા કરજણ કોટન સોસાયટી લી.ના પ્રમુખ પટેલ સતીષભાઇ મોતીભાઇ તથા તેમના પરિવાર દ્વારા તાજેતરમાં હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ તથા પ્રવેશદ્વાર નો લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવતા તેમાં જીલ્લા સાંસદ,ધારાસભ્યો,સ્થાનિક આગેવાનો,સંતો,મહંતોની વિશેષ ઉપસ્થિતીમાં જિલ્લા સાંસદ મનસુખ વસાવાના હસ્તે પ્રવેશદ્વારનું લોકાર્પણ કરી આ પ્રસંગે આયોજીત પરિવારના સ્વ.માતા અનો પિતાની પુણ્યતિથી નિમિત્તો યોજેલ લઘુરૂદ્રમાં સૌ ઉપસ્થિતો હાજરી આપી મહાઆરતી અને પ્રસાદીનો લ્હાવો લઈ ધન્ય બન્યા હતા.

## દયોદર ખાતે દસપટ્ટી પ્રજાપતિ સમાજનો પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાયો





દિયોદર પ્રજાપતિ સમાજ વાડી ખાતે શ્રી દસપટ્ટી પ્રજાપતિ સમાજ શ્રી પ્રજાપતિ કેળવણી મંડળ સમૂહ લગ્ન સમિતિ દ્વારા પ્રથમ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવતા આ પ્રથમ સમૂહ લગ્નોત્સવમાં ૧૩ જેટલા યુગલોએ એક જ શમિયાણા નીચે શરણાઈના શૂર વચ્ચે પ્રભુતામાં પગલા માંડી ગૃહસ્થ જીવનનો પ્રારંભ કરતા નવદંપતીઓને સમાજના દાતા પરિવારો, અગ્રણીઓ,જ્ઞાતિબંધુઓ અને જિલ્લા સાંસદ ગેનીબેન ઠાકોર સહિત રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અંતરના ઉંડાણથી સફળ દાંપત્ય જીવનના આશીર્વાદ પાઠવી સમૂહ લગ્નોત્સવ સમિતિના આયોજકોની કામગીરીને પણ બિરદાવી હતી.

## ધોળકાના પીસાવાડા થી કૌકાને જોડતા માર્ગ અકસ્માત નોતરશે



હુસૈનભાઈ - ધોળકા તાલુકાના ગામ પીસાવાડા થી કૌકા ગામને જોડતો માર્ગ એક તરફની સાઈડનું મોટા પ્રમાણમાં ધોવાણ થયેલ હોઈ દિવસ-રાત વાહનોની અવર જવર થી ધમધમતા આ એપ્રોચ માર્ગ ઉપર કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા માર્ગનું મરામત કરવામાં આવે તેવી સ્થાનિક વાહન ચાલકો,પ્રજાજનોની માંગ ઉઠવા પામી છે.-અખંડ ભારત

## પાલનપુર કલેક્ટર કચેરીમાં પડતર માગણીઓ મુદ્દે આંદોલન, ૩૦ એપ્રિલથી માસ CL પર જવાની ચીમકી



પાલનપુર કલેક્ટર કચેરીના મહેસૂલી કર્મચારીઓએ પોતાની લાંબા સમયથી પડતર માગણીઓને લઈને આજે કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ નોંધાવ્યો હતો. કર્મચારીઓની માગણીઓ છેલ્લા ઘણા સમયથી અસંતોષાયેલી રહી છે.કર્મચારીઓએ સરકાર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા અને કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આ પહેલા સરકારે માગણીઓ સંતોષવાની બાંહેધરી આપી હતી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં કર્મચારીઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

## તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની આગાહી, સુરતમાં ગ્રાહકોને ગરમીમાં રાહત આપવા પાનવાળાએ જુગાડ કર્યો



રાજ્યમાં બે દિવસ ગરમીમાં આંશિક રહ્યા બાદ આજથી ફરી તાપમાનનો પારો બે થી ત્રણ ડિગ્રી ઊંચકાવાની આગાહી કરવામાં આવી છે. આજે રાજકોટ અને ભુજમાં ૪૩ ડિગ્રી તો અમદાવાદમાં ૪૧ ડિગ્રીએ ગરમીનો પારો પહોંચવાની શક્યતા છે.ગુજરાતીઓ હવે ફરી ગરમીમાં શેકાવા માટે તૈયાર રહેજો. હવામાન વિભાગે આવનારા ૩ દિવસ સુધી તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવાની આગાહી કરી છે. જ્યારે આવનારા ૩ દિવસમાં દરિયાકાંઠાવાળા વિસ્તારમાં ગરમ અને ભેજવાળા વાતાવરણની શક્યતા છે. ૨૫ એપ્રિલ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પણ મહત્તમ તાપમાન ૪૦થી ૪૩ ડિગ્રી જેટલું રહેશે.

ગુજરાતમાં હાલ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી રહ્યો હોય એક્તાનગર જંગલ સફારીમાં પશુ-પક્ષી માટે એસી, કુલર, સિંકલર અને ફૂવારાની વ્યવસ્થા કરવામાં આવી છે.સુરત શહેરમાં તાપમાન દિવસે દિવસે વધતું જાય છે, જેને કારણે લોકો ગરમીથી બેહાલ થઈ રહ્યા છે. એવામાં ઉધના વિસ્તારમાં આવેલી એક પાનની દુકાન આજકાલ લોકો માટે ગરમીમાંથી રાહત આપતું સ્થળ બની ગઈ છે.દુકાનદારે ગરમીથી બચવા માટે એક અનોખો અને અસરકારક જુગાડ કર્યો છે. દુકાનની બહાર પાઈપ લગાડી, તેમાં અલગ અલગ જગ્યાએ નાના ફુવારા લગાવ્યા છે, જ્યાંથી સતત ઠંડું પાણી છાંટાય છે.આ ફુવારા દ્વારા દુકાન પાસે થોડી ઠંડક છવાય છે, જેને કારણે દુકાન પર આવતા ગ્રાહકો આરામથી ૧૦ થી ૧૫ મિનિટ સુધી ઊભા રહી શકે છે.

## સુરતમાં અકસ્માતગ્રસ્ત દંપતીને મહિલા PIએ તાત્કાલિક પોલીસ વાનમાં સિવિલ ખસેડયા

સુરત શહેરના સલાબતપુરા વિસ્તારની પોલીસની ફરી એકવાર પોતાની તત્પરતા અને માનવતા સામે આવી છે. સુરત કોર્ટ પાસે એક વૃદ્ધ દંપતી અકસ્માતનો ભોગ બન્યા હતા. વૃદ્ધાને માથામાં ઈજા થવાથી લોહી પણ નીકળી રહ્યું હતું. દરમિયાન ત્યાંથી પસાર થતા સલાબતપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ શીતલ એ. શાહે તાત્કાલિક પોલીસ વાનમાં જ દંપતીને સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. જ્યાં વૃદ્ધાન માથામાં આઠ ટાંકા આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, કોર્ટ નજીક એક વૃદ્ધ દંપતીને અજાણ્યા વાહને અડફેટે લેતા પતિ-પત્ની બંને ગંભીર રીતે ઘાયલ થયા હતા. દંપતી રસ્તા પર પડી ગયેલાં હતાં અને આસપાસનાં લોકો એમ્બ્યુલન્સ માટે રાહ જોઈ રહ્યાં હતાં. તેવી ઘડીમાં પીઆઈ શીતલ એ. શાહ તેમના સ્ટાફ સાથે સ્થળ પરથી પસાર થઈ રહ્યા હતા અને કોઈપણ વિલંબ કર્યા વિના પોલીસ વાન રસ્તા પર ઉભી રાખીને દંપતીને પોલીસ વાનમાં લઈને સીધા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યાં હતા. પીઆઈ શીતલ શાહ સ્વયં હોસ્પિટલ સુધી આવ્યા અને ત્યાં દંપતીને સારવાર મળે તેની દેખરેખ રાખી હતી. હોસ્પિટલ સ્ટાફ સાથે સંકલન કરીને તાત્કાલિક સારવાર શરૂ કરાવવામાં આવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.